# વિશ્વબજારમાં ભારતે પ્રીમિયમ કૉટન વેચવું અનિવાર્ય : કવિતા ગુપ્તા

## 'કૉટન કોન્ક્લેવ ૨૦૧૮'માં વ્યાપાર-જન્મભૂમિ મીડિયા પાર્ટનર

અમારા પ્રતિનિધિ તરફથી
મુંબઈ, તા. ૧૩ માર્ચ

વિશ્વમાં ભારતીય કૉટનના ભાવ ડિસ્કાઉન્ટમાં નહીં પણ પ્રિમિયમ તરીકે મળે તેવા પ્રયાસો બધાને સાથે લઈને કરવા જરૂરી છે. વાવણીની પ્રક્રિયામાં કપાસનું વાવેતર લીધા બાદ સોયાબીન અને તે પછી ફરી કપાસનું વાવેતર લેવાથી ઊપજ ગુણવત્તાસભર અને વધુ મળશે, એમ કેન્દ્રીય ટેક્સ્ટાઈલ કમિશનર ડૉ. કવિતા ગુપ્તાએ 'કૉટનગુરૂ' ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર (આઈએમસી)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'કૉટન કોન્ક્લેવ ૨૦૧૮' વિશે આયોજિત પરિસંવાદમાં બોલી રહ્યા હતા. આ પરિસંવાદના મીડિયા પાર્ટનર જન્મભૂમિ ગ્રુપ ઑફ ન્યૂઝ પેપર્સ હતા.

ડૉ. કવિતા ગુપ્તાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કપાસ અને ખેડૂત આપણી ઇકો સિસ્ટમનો ભાગ છે તેમાં ખેડૂતો સાથે મિલો, વિનિંગ ફેક્ટરીઓનો પણ સમાવેશ થાય છે. તેમાં કદાચ બધા જીતે અથવા બધા જ હારી જાય. તેથી તેમને એકસાથે લઈ પ્રગતિ કરવાની જરૂર છે. સરકારની નીતિઓનું મહત્ત્વ છતાં સ્વચ્છ અને નિર્ભેળ કૉટન મળે તે માટે સરકારી ધોરણ જરૂરી છે. ભારતીય કૉટનના ભાવ ડિસ્કાઉન્ટેડ નહીં પણ પ્રિમિયમ કોટન તરીકે મળે તે માટે પ્રયાસો કરવા પડશે. કોટન, સોયાબીન અને કોટન એવી રીતે પાક લેવામાં આવે તો ખેડૂતોની કપાસની ઉકપજ વધશે.

કપાસની ઊપજ અને ગુણવત્તા સુધારવાની જવાબદારી ખેડૂતોની છે. પંજાબમાં શ્રેષ્ઠ ઊપજ છે, જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછી ઊપજ છે. શ્રેષ્ઠ ઉપાયો દ્વારા કપાસની ઊપજ વધી શકે. આ રોકડિયો પાક સૌથી વધુ આવક ખેડૂતોને અપાવી શકે છે, એમ કવિતા ગુપ્તાએ જણાવ્યું હતું.

સીએઆઈના પ્રમુખ અતુલ ગણાત્રાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ખેડૂતોની આવક સુધારવા માટે સરકારે ખેડૂતોને નિર્ભેળ બિયારણ પૂરું પાડવું જોઈએ. તે પછી અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણી પુરવઠો કરવો, તે સાથે વાજબી દરે વીજ પુરવઠો પૂરો પાડે તો ખેડૂતો તેમના પાકને બચાવી શકે.



કૉટનગુરુ અને આઈએમસીના સંયુક્ત ઉપક્રમે અને મીડિયા પાર્ટનર જન્મભૂમિ ગ્રુપ ઑફ ન્યૂઝ પેપર્સના સહયોગથી 'કૉટન કોન્ક્લેવ ૨૦૧૮'ને (ડાબે) ટેક્સ્ટાઈલ કમિશનર કવિતા ગુપ્તાએ મંગળવારે સંબોધન કર્યું ત્યારે તેમની સાથે પાશા પટેલ, જી. ચંદ્રશેખર, કૉટન ક્ષેત્રના અગ્રણી સુરેશ કોટક અને અતુલ ગણાત્રા ઉપસ્થિત હતા

સીએસીપીના ચૅરમૅન અને ભૂતપૂર્વ વિધાયક પાશાભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોની આત્મહત્યા રોકવાનો ઉપાય વેપારીઓ, કંપનીઓ પાસે છે, તે આપે. ખેડૂતોને ટેકાના શ્રેષ્ઠ ભાવ મળે તે અત્યંત જરૂરી છે. ખેડૂતો માત્ર મહેનત નથી કરતા, તેઓ દિમાગ સાથે મહેનત કરે છે. તેથી તેની આવક બમણી કરવી અને તેના પાકને રોગ લાગુ પડે નહીં તેની તકેદારી આ ઉદ્યોગે રાખવી પડશે. ખેડૂતો જો ઓર્ગેનિક ખેતી તરફ વળે તો તેમને ઉદ્યોગે વધુ નાણાં આપવા પડશે.

વેપાર-ઉદ્યોગ કરતાં વધારે જોખમ ખેડૂતો ઉઠાવે છે તેથી તેને બહેતર ભાવ મળે તે જરૂરી છે, એમ જી. ચંદ્રશેખરે જણાવ્યું હતું. રાજ્ય અને કેન્દ્ર સરકારે યોગ્ય નીતિ ઘડવી જોઈએ તેથી ખેડૂતોને યોગ્ય ટેકાના ભાવ મળી શકે.

કૉટન ક્ષેત્રના અગ્રણી સુરેશ કોટકે જણાવ્યું હતું કે સ્વચ્છ અને નિર્ભેળ કૉટન ઉદ્યોગને મળવું જરૂરી છે. મિલોએ પુલક્ષમતા વધારી પુરવઠાને વધારવો પડશે. કૃષિ વીમાની વ્યવસ્થા સચોટ નથી. તેને સુધારવી પડશે ત્યારે આપણે કોટન અર્થતંત્રને ખરા અર્થમાં પ્રાપ્ત કરી શકીશું. કોટનગુરૂના મનીષ ડાગાએ જણાવ્યું હતું કે આજે જો પરિવર્તન નહીં થાય તો આવતી કાલ આપણી જોખમમાં મુકાઈ જશે. આપણે જવાબ શોધવાનો છે જે સહુને સ્વીકાર્ય હોય. આપણે કૃષિ અને ટેક્સ્ટાઈલ ઉદ્યોગને નક્કર ઉકેલ તેમની નડતી સમસ્યા માટે ઉપલબ્ધ કરાવી આપવાનો હેતુ આ પરિસંવાદનો છે.

ઇઆરટીએફના જી. ચંદ્રશેખરે ભારતીય કૃષિ વિશે જણાવ્યું હતું કે આ ક્ષેત્રનો વૃદ્ધિ દર સતત નીચો રહ્યો છે પણ તેમાં કપાસની ઊપજ સૌથી વધુ જોવા મળે છે. ૧૯૯૯ પછી કપાસની ઊપજ સતત વધી છે અને પાછલા સાત-આઠ વર્ષમાં વધીને બમણી થઈ છે અને આપણે નિકાસ પણ કરતા થયા છીએ. તે છતાં આપણે ગુણવત્તાભર્યા કપાસની વેલ્યુ ચેઈન તૈયાર કરી શક્યા નથી. પ્યોર વ્હાઈટ ગોલ્ડ તરીકે

(અનુસંધાન પાનું ૫)

# વિશ્વબજારમાં ભારતે પ્રીમિયમ કૉટન વેચવું અનિવાર્ય : કવિતા ગુપ્તા

## 'કૉટન કોન્કલેવ ૨૦૧૮'માં વ્યાપાર-જન્મભૂમિ મીડિયા પાર્ટનર




કૉટનગુરુ અને આઈએમસીના સંયુક્ત ઉપક્રમે અને મીડિયા પાર્ટનર જન્મભૂમિ ગ્રુપ ઑફ ન્યૂઝ પેપર્સના સહયોગથી 'કૉટન કોન્કલેવ ૨૦૧૮'ને (ડાબે) ટેક્સ્ટાઈલ કમિશનર કવિતા ગુપ્તાએ મંગળવારે સંબોધન કર્યું ત્યારે તેમની સાથે પાશા પટેલ, જી. ચંદ્રશેખર, કૉટન ક્ષેત્રના અગ્રણી સુરેશ કોટક અને અતુલ ગણાત્રા ઉપસ્થિત હતા

(તસવીર : મહેન્દ્ર જગતાપ)

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૩ : વિશ્વમાં ભારતીય કૉટનના ભાવ ડિસ્કાઉન્ટમાં નહીં પણ પ્રિમિયમ તરીકે મળે તેવા પ્રયાસો બધાને સાથે લઈને કરવા જરૂરી છે. વાવણીની પ્રક્રિયામાં કપાસનું વાવેતર લીધા બાદ સોયાબીન અને તે પછી ફરી કપાસનું વાવેતર લેવાથી ઊપજ ગુણવત્તાસભર અને વધુ મળશે, એમ કેન્દ્રીય ટેક્સ્ટાઈલ કમિશનર ડૉ. કવિતા ગુપ્તાએ 'કૉટનગુરુ' ઇન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર (આઈએમસી)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'કૉટન કોન્કલેવ ૨૦૧૮' વિશે આયોજિત પરિસંવાદમાં બોલી રહ્યા હતા. આ પરિસંવાદના મીડિયા પાર્ટનર જન્મભૂમિ ગ્રુપ ઑફ ન્યૂઝ પેપર્સ હતા. ડૉ. કવિતા ગુપ્તાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કપાસ અને ખેડૂત આપણી ઇકો સિસ્ટમનો ભાગ છે તેમાં ખેડૂતો સાથે મિલો, વિનિંગ ફેક્ટરીઓનો પણ સમાવેશ થાય છે. તેમાં કદાચ બધા જીતે અથવા બધા જ હારી જાય. તેથી તેમને એકસાથે લઈ પ્રગતિ કરવાની જરૂર છે. સરકારની નીતિઓનું મહત્ત્વ છતાં સ્વચ્છ અને નિર્ભેળ કૉટન મળે તે માટે સરકારી ધોરણ જરૂરી છે. ભારતીય કૉટનના ભાવ ડિસ્કાઉન્ટેડ નહીં પણ પ્રિમિયમ કૉટન તરીકે મળે તે માટે પ્રયાસો કરવા પડશે. કૉટન, સોયાબીન અને કૉટન એવી રીતે પાક લેવામાં આવે તો ખેડૂતોની કપાસની ઉકપજ વધશે.

કપાસની ઊપજ અને ગુણવત્તા સુધારવાની જવાબદારી ખેડૂતોની છે. પંજાબમાં શ્રેષ્ઠ ઊપજ છે, જ્યારે મહારાષ્ટ્રમાં સૌથી ઓછી ઊપજ છે. શ્રેષ્ઠ ઉપાયો દ્વારા કપાસની ઊપજ વધી શકે. આ રોકડિયો પાક સૌથી વધુ આવક ખેડૂતોને અપાવી શકે છે, એમ કવિતા ગુપ્તાએ જણાવ્યું હતું.

સીએઆઈના પ્રમુખ અતુલ ગણાત્રાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે ખેડૂતોની આવક સુધારવા માટે સરકારે ખેડૂતોને નિર્ભેળ બિયારણ પૂરું પાડવું જોઈએ. તે પછી અછતગ્રસ્ત વિસ્તારોમાં પાણી પુરવઠો કરવો, તે સાથે વાજબી દરે વીજ પુરવઠો પૂરો પાડે તો ખેડૂતો તેમના પાકને બચાવી શકે.

સીએસીપીના ચેરમૅન અને ભૂતપૂર્વ વિધાયક પાશાભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોની આત્મહત્યા રોકવાનો ઉપાય વેપારીઓ, કંપનીઓ પાસે છે, તે આપે. ખેડૂતોને ટેકાના શ્રેષ્ઠ ભાવ મળે તે અત્યંત જરૂરી છે. ખેડૂતો માત્ર મહેનત નથી કરતા, તેઓ દિમાગ સાથે મહેનત કરે છે. તેથી તેની આવક બમણી કરવી અને તેના પાકને રોગ લાગુ પડે નહીં તેની તકેદારી આ ઉદ્યોગે રાખવી પડશે. ખેડૂતો જો ઓર્ગેનિક ખેતી તરફ વળે તો તેમને ઉદ્યોગે વધુ નાણાં આપવા પડશે.

વેપાર-ઉદ્યોગ કરતાં વધારે જોખમ ખેડૂતો ઉઠાવે છે તેથી તેને બહેતર ભાવ મળે તે જરૂરી છે, એમ જી. ચંદ્રશેખરે જણાવ્યું હતું. રાજ્ય અને કેન્દ્ર સરકારે યોગ્ય નીતિ ઘડવી જોઈએ તેથી ખેડૂતોને યોગ્ય ટેકાના ભાવ મળી શકે.

કૉટન ક્ષેત્રના અગ્રણી સુરેશ કોટકે જણાવ્યું હતું કે સ્વચ્છ અને નિર્ભેળ કૉટન ઉદ્યોગને મળવું જરૂરી છે. મિલોએ પુલક્ષમતા વધારી પુરવઠાને વધારવો પડશે. કૃષિ વીમાની વ્યવસ્થા સચોટ નથી. તેને સુધારવી પડશે ત્યારે આપણે કૉટન અર્થતંત્રને ખરા અર્થમાં પ્રાપ્ત કરી શકીશું. કૉટનગુરુના મનીષ ડાગાએ જણાવ્યું હતું કે આજે જો પરિવર્તન નહીં થાય તો આવતી કાલ આપણી જોખમમાં મુકાઈ જશે. આપણે જવાબ શોધવાનો છે જે સહુને સ્વીકાર્ય હોય. આપણે કૃષિ અને ટેક્સ્ટાઈલ ઉદ્યોગને નક્કર ઉકેલ તેમની નડતી સમસ્યા માટે ઉપલબ્ધ કરાવી આપવાનો હેતુ આ પરિસંવાદનો છે.

ઇઆરટીએફના જી. ચંદ્રશેખરે ભારતીય કૃષિ વિશે જણાવ્યું હતું કે આ ક્ષેત્રનો વૃદ્ધિ દર સતત નીચો રહ્યો છે પણ તેમાં કપાસની ઊપજ સૌથી વધુ જોવા મળે છે. ૧૯૯૯ પછી કપાસની ઊપજ સતત વધી છે અને પાછલા સાત-આઠ વર્ષમાં વધીને બમણી થઈ છે અને આપણે નિકાસ પણ કરતા થયા છીએ. તે છતાં આપણે ગુણવત્તાભર્યા કપાસની વેલ્યુ ચેઈન તૈયાર કરી શક્યા નથી. પ્યોર વ્હાઈટ ગોલ્ડ તરીકે ઓળખાતી આ જણસની વેલ્યુ ચેઈન તૈયાર કરવાની જરૂર છે. કપાસની પૂર્ણ વેલ્યુ બહાર કાઢવાની જરૂર છે. કપાસ ઉત્પાદક ખેડૂતો આત્મહત્યા કરે છે તે વાત સાચી પણ કપાસ તે પાછળનું મુખ્ય કારણ નથી એવું મારું દૃઢપણે માનવું છે, એમ ચંદ્રશેખરે જણાવ્યું હતું. ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ કમ સે કમ રૂ. પાંચ હજાર આપવો જોઈએ જે અત્યારે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૨૦૦ છે, એમ ચંદ્રશેખરે જણાવ્યું હતું.

જાણીતા ખેડૂત અગ્રણી અમૃત દેશમુખે પિન્ક બોલવર્મના ઉપદ્રવને નાથવા માટે સંશોધન કરવાનું સૂચન કર્યું હતું.

ટેક્સ્ટાઈલ ઉદ્યોગના સંજય જૈને શ્વેત ક્રાંતિની હિમાયત કરતાં જણાવ્યું હતું કે ખેડૂતોની આવક બમણી કરી શકાય. કેન્દ્ર અને રાજ્ય સરકાર બજેટ ફાળવે તો સંશોધન દ્વારા ઊપજ વધારી ખેડૂતોની આવક બમણી કરી શકાય. ઉદ્યોજક અશોક શાહે નાના ખેતરોને જોડી કૉન્ટ્રેક્ટ ફાર્મિંગ કરવાનું સૂચન કર્યું હતું. કોન્ટ્રેક્ટ ફાર્મિંગથી ખેડૂતોનો ખર્ચ ઘટશે અને તેમને કપાસના બહેતર ભાવ મળી શકશે.

જિનિંગ ક્ષેત્રના અગ્રણી પ્રશાંત મોતાએ જિનિંગ મિલોને રેટિંગ આપવાનું સૂચન કર્યું હતું. ઊંચી ઊપજ માટે સંશોધન થવું જોઈએ. ભેળસેળ નિવારવા માટે જિનર્સએ કડક ધોરણોનું પાલન કરવું જોઈએ, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ગુજરાતના ખેડૂત અગ્રણી અશોક પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોને શિક્ષિત બનાવો, વીજ પુરવઠો અખંડિત કરો, શ્રેષ્ઠ સિંચાઈ વ્યવસ્થા આપો તો તેમને સબસિડીની જરૂર નહીં પડે. પિન્ક બોલવર્મની સમસ્યા મોટી છે પણ તેનો ઉકેલ સંશોધન વડે લાવી શકાય. આજે બેરોજગારીનો પ્રશ્ન કેન્દ્ર સરકાર માટે મુખ્ય છે, પણ કપાસ સાથે સંકળાયેલા ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં પાછલા દસ વર્ષમાં સૌથી વધારે નોકરી ઉપલબ્ધ થઈ છે. તે સાથે ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરવાની જરૂર છે, એમ ચંદ્રશેખરે ઉમેર્યું હતું.

એમસીએક્સના ષણ્મુગમે કૉટન ફ્યુચર્સ કૉન્ટ્રેક્ટની માહિતી આપી હતી. ખેડૂતોને અને વેપારીઓને બહેતર ભાવ મળે તે માટે એમસીએક્સ સતત પ્રયાસ કરતી રહી હોવાનું તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું. એમસીએક્સમાં કપાસના હાજરભાવ સમગ્ર ભારતની બજારો સાથે એકીકૃત થાય છે અને તે એમસીએક્સની સિદ્ધિ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ખેડૂતોને કપાસનું જિનિંગ કરાવી અપાવામાં આવે તો તેમની જણસનું મૂલ્યવર્ધન થશે, એમ તેમણે સૂચન કરતાં જણાવ્યું હતું.

સુરેશ કોટક અને કૉટન એસોસિયેશન ઑફ ઇન્ડિયા (સીએઆઈ)ના પ્રમુખ અતુલ ગણાત્રાએ 'કૉટન એન્યુઅલ'નું વિમોચન કર્યું હતું.

અમૃત દેશમુખ નામના ખેડૂતને કપાસની ઊપજ સતત વધારવા માટે એક્સલન્સ એવૉર્ડ ભૂતપૂર્વ વિધાયક પાશાભાઈ પટેલના હસ્તે એનાયત થયો હતો. ગુજરાતના ખેડૂત ઘનશ્યામભાઈ બારોટને પણ એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

પ્રકાશ વ્હાઈટ ગોલ્ડના દાલમિયાના હસ્તે વી. ટ્રાન્સના અશોક શાહને એક્સલન્સ એવૉર્ડ એનાયત થયો હતો.

સુરેશ કોટકના હસ્તે આ ક્ષેત્રમાં અનન્ય કામગીરી બજાવનાર ખેડૂતો ડૉ. અશોકરાવ પાટીલ, ગુજરાતથી પ્રશાંતભાઈ પટેલ, મારુકરાવ દેવાસે, અશોક ચાવલે, સુભાષ તોતલા અને ગંભીર મહાજનને પ્રમાણપત્ર આપી નવાજવામાં આવ્યા હતા.

ખેડૂતોની આવક બમણી કરવા અને તેને નડતી સમસ્યા નિવારવાના સૂચનો વિવિધ અગ્રણી વક્તાએ આ પ્રસંગે કર્યા હતા. સમસ્યાના શ્રેષ્ઠ ઉકેલોનો સમાવેશ કરતા શ્વેતપત્રને પણ આ પ્રસંગે તૈયાર કરવાની ઘોષણા 'કૉટનગુરુ'ના મનીષ ડાગાએ કરી હતી. તેમણે કપાસ ક્ષેત્રને શ્રેષ્ઠ બનાવવા માટે ઉત્તમ બિયારણનો વિકાસ વિજ્ઞાન દ્વારા કરવાનું સોઈલ હેલ્થ કાર્ડ વડે ખેડૂતોને જાગૃત કરવાનું અને આબોહવાની અચૂક માહિતી આપવાનું સૂચન મનીષ ડાગાએ કર્યું હતું.

# આગામી સમય રૂ ઉદ્યોગ માટે ઘણો દિલચસ્પ



કૉટનગુરુ


મનીષ ડાગા
(પી.આર.ડી. કૉટન્સ ગ્રુપ)
email:info@cottonguru.org
Tele.:25679671/72 www.cottonguru.org


કૉટનગુરુ કૉલમમાં અમે બે સપ્તાહ પૂર્વે અમેરિકા અને ચીનની ટ્રેડ વૉર વિશે લખ્યું હતું. આ વેપાર યુદ્ધની અસર અમને ગયા સપ્તાહમાં સ્પષ્ટપણે જોવા મળી હતી. એપ્રિલના આરંભમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સાથે ટ્રેડ વૉર જાહેર કરવાની સાથે ૧૩૦૦ ચીની ઉત્પાદનો પર કર (ટેરિફ) લાગુ કર્યો. આ ૧૦૬ ઉત્પાદનોમાં રૂ પણ હોવાથી ૪ એપ્રિલે અમેરિકી આઈસીઈ વાયદામાં મોટો ઘટાડો નોંધાયો હતો.

ચાર એપ્રિલે અમેરિકી આઈસીઈ વાયદો લગભગ ૩ ટકાના ઘટાડાએ બંધ થયો હતો. મે વાયદો ૮૨.૦૨ સેન્ટથી ઘટીને ૭૯.૬૪ અને જુલાઈ વાયદો ૮૨.૦૧થી ઘટીને ૭૯.૭૨ સેન્ટ પ્રતિ પાઉન્ડ થયો હતો. રૂ બજારના વેપારીઓમાં અફડા-તફડીનું વાતાવરણ સર્જાયું હતું. બીજા જ દિવસે ૫-૪-૨૦૧૮ના રોજ આઈસીઈ વાયદો ૩.૫ ટકા ઉછળીને બંધ રહ્યો હતો. મે વાયદો ૭૯.૬૪થી વધીને ૮૨.૫૭ અને જુલાઈ વાયદો ૭૯.૭૨થી વધીને ૮૨.૧૫ સેન્ટ પ્રતિ પાઉન્ડના ભાવે બંધ થયો હતો. આ એક દિવસની તેજી-મંદીએ રૂના વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાની શકયતા વ્યક્ત થઈ રહી છે.

એક દિવસમાં એવું શું થયું કે બજાર મોટા ઘટાડા બાદ પહેલાથી વધુ ભાવે બંધ થયું? આ ઊથલપાથલ માટે ટૂંકી દૃષ્ટિ કારણભૂત છે. આપણે ક્રિકેટ અથવા રાજનીતિના લેખ વાંચતા હોઈએ છીએ અને તેનું વિશ્લેષણ કરીએ છીએ અને આપણું મંતવ્ય પણ જણાવીએ છીએ, પરંતુ બજાર સંબંધિત સમાચાર વાંચતી વખતે આપણે 'બિટવીન ધ લાઈન્સ' જાણકારી પ્રાપ્ત કરવામાં થાપ ખાઈએ છીએ. અમેરિકા-ચીનના ટ્રેડ વૉરનું એલાન એક વાત છે અને એનું વાસ્તવિક સ્વરૂપ એક અલગ વાત છે.

અમેરિકા ચીનની સરકાર દ્વારા એકબીજા પર લાગુ કરેલા કર કયારે, કોના પર અને કેટલી હદ સુધી લાગુ પડશે એ સમજીને વેપારીઓએ પોતાના ધંધાનું આયોજન કરવું જોઈએ. બીજી તરફ રૂ બજારના ફંડામેન્ટલ માગ-પુરવઠાની સ્થિતિ સ્પષ્ટરૂપે પુરવઠાના પક્ષમાં છે. અમેરિકા, ભારત, પાકિસ્તાન જેવા કપાસ ઉત્પાદક દેશ આ વર્ષે અપેક્ષાથી વધુ રૂ નિકાસ કરશે એમાં કોઈ શક નથી. આ વાતને સમજીએ તો મહદ્ અંશે એમએનસી અને સટોડિયાઓ, વેપારીઓના ભય, અસુરક્ષા અને ટૂંકી દૃષ્ટિના માનસનો ભરપૂર લાભ ઉઠાવે છે.

આંતરરાષ્ટ્રીય રૂ બજારની તેજી-મંદીને લીધે સ્થાનિક રૂ બજારમાં પણ વધઘટ જોવા મળી હતી. એમસીએક્સમાં પણ રૂના વાયદામાં ગત સપ્તાહે મોટી ઊથલપાથલ થઈ હતી.

| | ૩-૪-૨૦૧૮ | ૪-૪-૨૦૧૮ | ૫-૪-૨૦૧૮ |
|---|---|---|---|
| એપ્રિલ વાયદો | ૨૦,૬૧૦ | ૨૦,૩૩૦ | ૨૦,૪૯૦ |
| મે વાયદો | ૨૦,૮૮૦ | ૨૦,૬૧૦ | ૨૦,૭૬૦ |

હાજર રૂ બજારમાં ગુજરાત ૩-૬ના ભાવ રૂ. ૪૧,૦૦૦થી રૂ. ૪૧,૫૦૦, મહારાષ્ટ્ર બન્નીમાં રૂ. ૩૮,૫૦૦થી ૪૦,૫૦૦ અને રતલામ ડીજીના ભાવ રૂ. ૫૩,૦૦૦થી રૂ. ૫૭,૦૦૦ હોવાનું જણાવાયું છે. હલકા માલમાં રૂ. ૨૮,૦૦૦થી રૂ. ૩૧,૦૦૦ના ભાવે ૨૫થી ૨૭ મી.મી. રૂમાં વેપાર થઈ રહ્યો છે. દૈનિક ૧ લાખથી ૧.૨૫ લાખ ગાંસડી કપાસની આવક થઈ રહી છે. ખાનગી એજન્સી સ્કાયમેટે ભારતમાં સામાન્ય ચોમાસું રહેવાનો અંદાજ જણાવ્યો છે, જે કપાસ અને રૂ બજાર માટે સારા સમાચાર છે.

આગામી સમય રૂ ઉદ્યોગ માટે ઘણો દિલચસ્પ અને વિસ્મયજનક જણાઈ રહ્યો છે.